ISPG - 68 Pyare Rasool

# વહાલા નબી ﷺ

: લેખક :

અફઝલ હુસેન
એમ.એ.એલ.ટી.

-: અનુવાદક:-

ઇકબાલ હુસેન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## નબી ﷺ (ઈશ-દૂત)

અલ્લાહે સૌને ઉત્પન્ન કર્યા. ધરતી બનાવી, આકાશ સજાવ્યો. ચાંદ સૂરજના દીવડાં પ્રગટાવ્યાં. નાના તારા ઝગમગાવ્યાં. તે જ હવા ચલાવે છે, વાદળો દોડાવે છે, પાણી વરસાવે છે, ખેતી ઉગાડે છે, અન્ન ઉત્પન્ન કરે છે, બધાંને ખવડાવે છે, પીવડાવે છે, આપણી બધી જરૂરિયાતો પૂરી કરે છે. તે જ આપણો કર્તા-હર્તા છે. તે જ બધાંનો અન્નદાતા છે. તે જ આપણો માલિક છે. તે જ આપણો શાસક છે. આપણે સૌ તેના હુકમને માનનારા, તેના તાબેદાર છીએ. આપણે તેની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. આપણે તેની જ બંદગી કરવી જોઈએ. તે એકલો જ આપણો ઉપાસ્ય છે.

અલ્લાહ બધાંનો બાદશાહ છે. તેનું રાજ્ય ઘણું મોટું છે. આ પૃથ્વી તેના રાજ્યનો એક નાનકડો ભાગ છે. પૃથ્વી પર અલ્લાહે માનવીને વસાવ્યો છે. તેણે આપણને પોતાનો ખલીફા (પ્રતિનિધિ) બનાવ્યો છે. જરૂરિયાતોને લગતો બધો સામાન આપ્યો. રહેણી-કરણીની રીત શીખવાડી. આપણને પોતાની ઇચ્છાની જાણ કરી. પોતાની ઇચ્છાની જાણ કરવા માટે તેણે નબી (ઈશ-દૂત)મોકલ્યા. બધા નબીઓ માણસ હતા. અલ્લાહના સાચા બંદા અને તેના ગુલામ હતા.

નબી હંમેશાં સાચું બોલતા, ક્યારેય પણ કોઈ ખરાબ કામ ન કરતા. બધાંને અલ્લાહની આજ્ઞાઓ સંભળાવતા. અલ્લાહનો સંદેશ પૂર્ણ રીતે બતાવતા. અલ્લાહના આદેશ અનુસાર ચાલીને બતાવતા.લોકોને અલ્લાહની ઇચ્છા પ્રમાણે ચલાવતા.

નબી અલ્લાહનો સંદેશ લાવતા તેથી તેમને અલ્લાહના પયગમ્બર કહે છે. નબી અલ્લાહના તરફથી મોકલાયેલ હોય છે તેથી તે અલ્લાહના રસૂલ કહેવાય છે.

હઝરત આદમ અ.સ. અલ્લાહના રસૂલ હતા. હઝરત નૂહ અ.સ. અલ્લાહના રસૂલ હતા. હઝરત ઈબ્રાહીમ અ.સ. અલ્લાહના રસૂલ હતા. હઝરત મૂસા અ.સ., હઝરત દાઊદ અ.સ, હઝરત ઈસા અ.સ., આ બધાં અલ્લાહના રસૂલ હતા. બધાં રસૂલ સારા હતા. તેઓ અલ્લાહનો સંદેશ લાવ્યા. બધાંએ અલ્લાહની ઈચ્છા બતાવી. છેવટે અલ્લાહના પ્રિય હઝરત મુહમ્મદ સ.અ.વ.ની પધરામણી થઈ. હુઝૂર સ.અ.વ.પર અલ્લાહે કુર્આન ઉતાર્યું. કુર્આન અલ્લાહનો ગ્રંથ છે. હુઝૂર સ.અ.વ. પછી હવે કોઈ નબી આવશે નહીં.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદ વ અલા
આલિ મુહમ્મદ વ બારિક વ સલ્લમ

## હુઝૂર ﷺ પહેલાં

વહાલા નબી સ.અ.વ.નો જયારે જન્મ થયો તે સમયે દુનિયાની હાલત ઘણી જ ખરાબ હતી. અલ્લાહની ઈચ્છા દર્શાવનાર કોઈ નબી ન હતા. બધાં નબી જઈ ચૂકયા હતા. દુનિયા-વાસીઓ પથભ્રષ્ટ થઈ ગયા હતા.અલ્લાહના દ્રોહી બની બેઠા હતા. નબીઓ અ.સ.નું શિક્ષણ ભુલાવી બેઠા હતા. અલ્લાહનો માર્ગ ત્યજી ચૂક્યા હતા. પોતાને મન ફાવે તે રીતે વર્તતા અથવા પોતાના જેવા માણસોની આજ્ઞા માનતા. કુટુંબ અને જાતિઓના રીત-રિવાજો પર ચાલતા. અલ્લાહના ગ્રંથોમાં ફેરફાર કરી નાખ્યા હતા, તેમાં પોતાની વાતો ઉમેરી દીધી હતી. લોકો પથ્થરોની મૂર્તિઓ બનાવીને તેમને પૂજતા, દેવી-દેવતાઓની પૂજા કરતા, તેમના નામ પર પશુઓનું બલિદાન આપતા.માનતાઓ માનતા, ભેટ ચઢાવતા, વૃક્ષ, પર્વત, નદી-નાળા, જીવંત-નિર્જીવ બધાં તેમના માટે પૂજનીય હતાં. એક ખુદાને ત્યજી દઈ તેમણે હજારો ખુદા બનાવી લીધા હતા.

ખરાબીઓ ખૂબ વધી ગઈ હતી. લોકો ન કરવાના કામો કરતા. દારૂ પીતા, જુગાર રમતા,અંદરો-અંદર ઝઘડતા, ચોરી કરતા, લૂંટમાર કરતા, જૂઠ બોલતા, વચન પાલન ન કરતા, વચન આપીને ફરી જતા, દગાબાજી કરતા, બીજાઓની

સંપત્તિ પચાવી પાડતા, અનાથો અને વિધવાઓની સતામણી કરતા, મુસાફરોને કષ્ટ આપતા, જીવતી સ્ત્રીઓને આગમાં બાળતાં, ખોટી પ્રતિષ્ઠા માટે બાળકીઓને જીવતી દાટી દેવામાં આવતી. નાચગાનમાં મસ્ત રહેતા. પશુઓને સતાવતા, કોઈ ખરાબ કામ એવું ન હતું જે આ લોકો કરતા ન હોય. સાચું જ છે કે અલ્લાહનો દીન ત્યજી દેવાનું પરિણામ આવું જ આવે છે.

જ્યારે દુનિયાવાસીઓ બિલકુલ પથભ્રષ્ટ થઈ ગયા ત્યારે અલ્લાહને તેમના પર દયા આવી અને તેમને સત્ય-માર્ગ દર્શાવવા વહાલા નબી સ.અ.વ.ને મોકલ્યા.

## હુઝૂર ﷺનો વંશ

હઝરત મુહમ્મદ સ.અ.વ. વહાલા નબીનું વહાલું નામ હતું. હુઝૂર સ.અ.વ.નો જન્મ મક્કા શહેરમાં થયો. મક્કા અરબસ્તાનનું એક પ્રખ્યાત શહેર છે. અલ્લાહનું પવિત્ર ઘર 'કા'બો' આ મક્કા શહેરમાં જ આવેલું છે. અરબસ્તાન અહીંથી દૂર ઘણી દૂર દરિયા પાર આવેલો એક દેશ છે. આ દેશ આપણા દેશની પશ્ચિમે છે. આ દેશમાં ઘણાં બધા ગોત્ર હતા. કુરૈશનું ગોત્ર આ બધામાં સૌથી વધારે માનવાળું ગોત્ર હતું. આ ગોત્રના લોકો કા'બાની સંભાળ રાખતા હતા. બધા આરબવાસીઓ કુરૈશના પ્રત્યે માન રાખતા. વહાલા નબી સ.અ.વ. આ જ ગોત્રના હતા.

આપ સ.અ.વ.ના ગોત્રમાં ઘણી પ્રસિધ્ધ વ્યક્તિઓ થઈ છે. આમાંની એક વ્યક્તિનું નામ કુસય હતું. કુસય પોતાના ગોત્રના વડા હતા. હજ્જના દિવસોમાં બધા હાજીઓને તેઓ પોતાના મહેમાન સમજતા. ત્રણ દિવસ સુધી તેમને પોતાના ખર્ચે ભોજન કરાવતા. કુસયની સંતાનોમાં શૂરવીર હાશિમ નામની એક વ્યક્તિ થઈ ગઈ. હાશિમ ઘણાં બળવાન અને શૂરવીર હતા. એકવાર દુષ્કાળ પડ્યો. હાશિમે પુષ્કળ અનાજ ખરીદી લીધું અને લોકોમાં વહેંચી દીધું.

હાશિમના ઘણાં પુત્રો હતા. આમાં અબ્દુલ મુત્તલિબ સૌથી વધુ પ્રખ્યાત હતા. તેઓ પણ પોતાના ગોત્રના વડા હતા.

અરબસ્તાનમાં પાણીની ઘણી તંગી છે. મક્કાવાસીઓ માટે ઝમઝમનો કૂવો અલ્લાહની એક ઘણી મોટી કૃપા છે. ઘણાં દિવસોથી તે વેરાન (ઉજ્જડ) થઈ

ગયો હતો. કોઈને પણ એ ખબર ન હતી કે તે ક્યાં હતો. અબ્દુલ મુત્તલિબે ઘણાં પ્રયત્નો કરીને તેની ખોજ કરી. ઘણી મહેતનથી તેને સાફ કરાવ્યો. મક્કાવાસીઓને પાણીની રાહત થઈ ગઈ. આ મહાન કાર્યના કારણે મક્કાવાસીઓ તેમનો ખૂબ આદર કરતા.

અબ્દુલ મુત્તલિબના ઘણાં પુત્રો હતા. તેમાં અબ્દુલ્લાહ સૌથી નાના અને લાડકવાયા હતા. આ જ અબ્દુલ્લાહ વહાલા નબી સ.અ.વ.ના પિતા હતા. અબ્દુલ્લાહના લગ્ન બીબી આમેના સાથે થયા. બીબી આમેના વહાલા નબી સ.અ.વ.ની માતા હતા.

(૧) નબી કોને કહેવાય છે ?
(૨) વહાલા નબી સ.અ.વ.ના પૂર્વે દુનિયાની શું હાલત હતી?
(૩) વહાલા નબી સ.અ.વ.નું પૂરૂં નામ શું હતું? હુઝૂર સ.અ.વ.ના માતા-પિતા કોણ હતા ?
(૪) આપ સ.અ.વ.ના ગોત્રમાં કયા કયા પ્રસિધ્ધ માણસો થયા છે? તે લોકો કેમ પ્રસિધ્ધ થયા?

## બાળપણ

વહાલા નબી સ.અ.વ.નો જન્મ સોમવારના દિવસે થયો હતો. હુઝૂર સ.અ.વ.ના પિતા થોડા દિવસ પહેલાં જ મૃત્યુ પામ્યા હતા. હુઝૂર સ.અ.વ.ના દાદા જીવતા હતા. સાંભળી ઘણાં ખુશ થયાં. ઘેર આવી પૌત્રને ખોળામાં લઈ વહાલ કર્યું. કા'બામાં લઈ ગયા. દુઆ માંગી પાછા ફર્યા. મુહમ્મદ સ.અ.વ. નામ રાખ્યું. અકીકો (બાળકના નામે દાન) કર્યો. બધાંને ભોજન નિમંત્રણ આપ્યું. લોકોએ પ્રશ્ન કર્યો, "આ નામ શા માટે રાખ્યું?" બોલ્યા કે હું ઇચ્છું છું કે પૂરી દુનિયા મારા લાડકવાયાની પ્રશંસા કરે.

**અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદ વ અલા**
**આલિ મુહમ્મદ વ બારિક વ સલ્લમ.**

મક્કામાં રિવાજ હતો કે લોકો બાળકોને ગામડામાં મોકલી દેતાં, ત્યાં જ તેમનું પાલન-પોષણ થતું. આપને પણ ગામડે મોકલી દેવામાં આવ્યા. બીબી હલીમા નામની નેક મહિલાએ આપને ઉછેર્યા. તે ખૂબ નેક મહિલા હતી. હુઝૂર સ.અ.વ.એ તેમનું દૂધ પીધું, સ્વચ્છ હવામાં ઉછર્યા, મોટા થયા. ખૂબ તંદુરસ્ત થયા, સ્વચ્છ અને સરળ બોલી શીખ્યા. બે વર્ષ પછી મક્કા આવ્યા. માતા તેમને નિહાળી ઘણાં ખુશ થયાં. મક્કામાં રોગચાળો ફાટી નીકળ્યો. હુઝૂર સ.અ.વ.ને ફરી બીબી હલીમા સાથે મોકલી દેવામાં આવ્યા. હુઝૂર સ.અ.વ.નો માસૂમ ચહેરો જોઈને બધા હુઝૂર સ.અ.વ.ને પ્યાર કરતા. હુઝૂર સ.અ.વ.ની મીઠી વાતો સાંભળી બધા હુઝૂર સ.અ.વ.થી રાજી થતા. હુઝૂર સ.અ.વ.બીબી હલીમાના બાળકોથી ઘણો જ પ્રેમ કરતા. તે પણ હુઝૂર સ.અ.વ.ની સાથે પ્રેમપૂર્વક વર્તતા. સાથે જ રમતા.બકરીઓ ચરાવવા માટે પણ હુઝૂર સ.અ.વ. સાથે જતા. ચાર વર્ષના થયા તો આપ સ.અ.વ.માતા પાસે પાછા ફર્યા. માતા આપ સ.અ.વ.ને જોઈ પ્રસન્ન થયાં. પ્રેમપૂર્વક ઉછેરવા લાગ્યા. છ વર્ષના થયાં તો આપ સ.અ.વ.ને લઈ પિયર ગયા. રસ્તામાં બીમાર થઈ મરણ પામ્યા. હવે મા-બાપ બંનેની છત્ર –છાયા આપ સ.અ.વ.ના ઉપરથી ઊઠી ગઈ.

દાદાએ આપ સ.અ.વ.ની દેખરેખ રાખી. વહાલપૂર્વક આપ સ.અ.વ.ની સંભાળ રાખી, આઠ વર્ષના થયા તો દાદા પણ મૃત્યુ પામ્યા. મૃત્યુ પામતાં પહેલાં દાદાએ આપ સ.અ.વ.ને અબૂ તાલિબને હવાલે કર્યા. અબૂ તાલિબ આ બધામાં સારા હતા. આપ સ.અ.વ.થી પ્રેમ રાખતા, દર વખતે સાથે લઈને ફરતા, વહાલ કરતા, કોઈ પણ પ્રકારનું દુઃખ ન થવા દેતા, જ્યાં જતા પોતાની સાથે રાખતા.

એકવાર જ્યારે આપ સ.અ.વ. નાના બાળક હતા ત્યારે કા'બાની એક દીવાલ તૂટી ગઈ હતી. લોકો તેનું સમાર-કામ કરી રહ્યા હતા. બાળકો પણ દોડી દોડીને કામ કરતા હતા.. ખભા પર પત્થર ઉપાડી લાવતા અને દીવાલમાં લગાવતા. પત્થર લાવનારાઓમાં હુઝૂર સ.અ.વ.પણ હતા. થોડીવાર પછી જ્યારે ખભા દુઃખવા લાગ્યા ત્યારે બાળકોએ પોતાના કપડાં ઉતારી ખભા પર મૂકી દીધા. હુઝૂર સ.અ.વ.એ નિર્વસ્ત્ર થવાનું પસંદ ન કર્યું. આપ સ.અ.વ.ના કાકા પણ હાજર હતા, બોલ્યા કે બેટા તું પણ

કપડાં ઉતારી ખભા પર રાખી લે. હુઝૂર સ.અ.વ.એ કાકાના કહેવાથી કપડાં ઉતારવા પ્રયત્ન કર્યો પરંતુ નિર્વસ્ત્ર થવાની હિંમત ન થઈ. શરમના માર્યા બેભાન થઈ પડી ગયા. કાકાએ જ્યારે આ હાલત જોઈ તો કપડાં ઉતારવાથી આપ સ.અ.વ.ને રોકી દીધા.

(૧) હુઝૂર સ.અ.વ.ની વિદાય વેળા દાદાએ શું કર્યું?

(૨) હુઝૂર સ.અ.વ.નું બાળપણ કેવી રીતે પસાર થયું ?

(૩) બાળપણમાં હુઝૂર સ.અ.વ. કેવા હતા?

## યુવાની

કાકાની દેખરેખ હેઠળ હુઝૂર સ.અ.વ. મોટા થયા. યુવાન થતાં જવાનીમાં પણ હુઝૂર સ.અ.વ. સૌથી સારા હતા.આરબના યુવાનો અંદરો-અંદર લડતા ઝઘડતા. હુઝૂર સ.અ.વ. લડાઈ-ઝઘડાથી હંમેશાં દૂર રહેતા. બધા દારૂ પીતા, જુગાર રમતા, ખરાબ કામોમાં લાગેલા રહેતા. હુઝૂર સ.અ.વ.આ ચીજોથી ઘૃણા કરતા. લોકો મૂર્તિઓની પૂજા કરતા, જૂઠ બોલતા, બેશરમીના કાર્યો કરતા. હુઝૂર સ.અ.વ.આ વાતોને ખરાબ સમજતા. ગરીબોને ભોજન કરાવતા, નિર્બળોની સહાયત કરતા.

## વ્યાપાર

હુઝૂર સ.અ.વ.ના કાકા વ્યાપાર કરતા. હુઝૂર સ.અ.વ.પણ આ જ કાર્ય કરવા લાગ્યા. વ્યાપારને હુઝૂર સ.અ.વ. ખૂબ જ પસંદ કરતા. હુઝૂર સ.અ.વ. સારા વ્યાપારી હતી. હંમેશાં સાચું બોલતા, જૂઠની પાસે ફરકતા પણ નહીં. બધા હુઝૂર સ.અ.વ.ને સાદિક (સાચા) કહેતા. આપ સ.અ.વ.નો વ્યવહાર અને વર્તણૂક ઉત્તમ હતી. કોઈને પણ દગો ન દેતા. લોકો હુઝૂર સ.અ.વ.ને અમીન કહેતા બધા લોકો હુઝૂર સ.અ.વ.ની મર્યાદા જાળવતા.

## લગ્ન

મક્કામાં ખદીજા રદિ. નામે એક ધનવાન સ્ત્રી હતા. બીબી ખદીજા રદિ. વિધવા હતા. એમના પતિનું અવસાન થઈ ગયું હતું. તેમની પાસે સંપત્તિ હતી. પણ વ્યાપાર કરવાવાળો કોઈ ન હતો. તેમણે હુઝૂર સ.અ.વ.ને વ્યાપાર કરવા માટે નાણાં આપ્યા. હુઝૂર સ.અ.વ. માલ લઈને સીરિયા ગયા. ત્યાંથી ઘણો માલ કમાવીને લાવ્યા. કોડી-કોડીનો હિસાબ આપ્યો. બીબી ખદીજા રદિ. નેક હતા. હુઝૂર સ.અ.વ.ની પ્રમાણિકતા જોઈ ખુશ થઈ ગયા. પોતે લગ્ન માટે સંદેશ મોકલ્યો. હુઝૂર સ.અ.વ. તૈયાર થયા. બીબી ખદીજા રદિ. સાથે હુઝૂર સ.અ.વ.ના લગ્ન થયા. આ સમયે આપ સ.અ.વ.ની વય પચ્ચીસ અને બીબી ખદીજા રદિ.ની વય ચાલીસ વર્ષ હતી.

## શાંતિનો પ્રયત્ન

હુઝૂર સ.અ.વ.મક્કાવાસીઓના અત્યાચાર જોઈ ખૂબ દુઃખી થતા. દુર્ગુણો દૂર કરવાના ઉપાયો વિચારતા. હુઝૂર સ.અ.વ.એ નવયુવાનોને સમજાવ્યા. બધાએ ભેગા મળી એક મંડળીની રચના કરી. મંડળીનો દરેક સભ્ય વચન આપતો કે, અમે દેશમાંથી અશાંતિ દૂર કરીશું, યાત્રીઓની રક્ષા કરીશું, કોઈના પર અત્યાચાર થવા દઈશું નહીં.

મંડળીના સભ્યોના પ્રયત્નો રૂપે અત્યાચાર ઘટવા લાગ્યા, અશાંતિ દૂર થવા લાગી. લોકોમાં હુઝૂર સ.અ.વ.ની ચર્ચા થઈ. બધા હુઝૂર સ.અ.વ.ને બિરદાવવા લાગ્યા. હુઝૂર સ.અ.વ.પર વિશ્વાસ કરવા લાગ્યા.

એકવાર કા'બાનું સમારકામ થઈ રહ્યું હતું. જૂની દીવાલો તોડી નવી બનાવવામાં આવી રહી હતી. એક દીવાલમાં હજ્રે અસ્વદ જડેલું હતું. આ એક કાળો પથ્થર હતો. આ પત્થર હઝરત ઈબ્રાહીમ અ.સ.ના સ્મરણ રૂપ હતો. બધા આને પવિત્ર સમજતા. જ્યારે દીવાલમાં આ પત્થર જડવાનો સમય આવ્યો તો અંદરો-અંદર ઝઘડો થવા લાગ્યો. દરેક એમ ઇચ્છતો હતો કે આ પવિત્ર પથ્થર જડવાનું કાર્ય મારા હાથે થાય. આ વાત પર લડાઈ જામી ગઈ, મોટી લડાઈ થઈ જવાનો ભય ઊભો થયો. પણ કોઈ ને કોઈ પ્રકારે એ નક્કી થયું કે કાલે જે વ્યક્તિ

સૌથી પહેલાં કા'બામાં આવશે તેનું કહ્યું માનવામાં આવશે. અલ્લાહનું કરવું કે બીજી સવારે સૌ પ્રથમ આપ સ.અ.વ. કા'બામાં આવ્યા. બધાંને હુઝૂર સ.અ.વ. પર વિશ્વાસ હતો. બધાંએ હુઝૂર સ.અ.વ.ને લવાદ માની લીધા. હુઝૂર સ.અ.વ.એ આ ઝઘડો ઘણી જ કુશળતાથી પતાવી દીધો. આપ સ.અ.વ.એ એક ચાદર લઈ તેમાં હજ્રે-અસ્વદને મૂક્યો. દરેક ગોત્રના વડાને એક એક છેડો પકડવા કહ્યું. બધાંએ મળીને તેને ઉઠાવ્યો. જ્યારે પત્થર ત્યાં સુધી લઈ આવ્યા જ્યાં તેને મૂકવાનો હતો, તો આપ સ.અ.વ.એ તેને ઉઠાવીને દીવાલમાં ચણી લીધો. આ રીતે દરેક ગોત્રને આ કામમાં જોડાવવાનો અવસર પ્રાપ્ત થયો અને એક મોટો ઝઘડો થતાં થતાં રહી ગયો.

## નબી થયા

(નુબુવ્વતનો પ્રારંભ)

મક્કા પાસે એક પહાડી (પર્વતમાળા) હતી. આ પર્વત માળામાં એક ગુફા હતી. આ ગુફાનું નામ હિરા હતું. હુઝૂર સ.અ.વ. હિરાની ગુફામાં જતા. કેટલાક દિવસો હુઝૂર સ.અ.વ.ત્યાં એકાંતમાં ગુજારતાં.અલ્લાહની ઇબાદત કરતાં. લોકોની ભલાઈની વાતો વિચારતા. દુર્ગુણો દૂર કરવા અને સુકર્મોને ફેલાવવાના પ્રયત્નો શોધતા. પછી અલ્લાહે તેમને પોતાના રસૂલ બનાવ્યા. અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રઈલ અ.સ. અલ્લાહનો સંદેશ લાવ્યા જે આપ સ.અ.વ.ને સંભળાવ્યો. આપ સ.અ.વ. ઘેર પધાર્યા, બીબી ખદીજા રદિ.ને બધું વિગતે કહી સંભળાવ્યું. આપ સ.અ.વ. ગભરાયેલા દેખાતા હતા.બીબી ખદીજા રદિ.એ આશ્વાસન આપ્યું. આપ સ.અ.વ. કેમ પરેશાન છો? અલ્લાહ આપ સ.અ.વ.ને વિપત્તિમાં નહીં મૂકે. તે આપ સ.અ.વ.નું રક્ષણં કરશે. આપ સ.અ.વ.નેકી કરો છો, દાન આપો છો, ગરીબોની મદદ કરો છો, અનાથો અને વિધવાઓને આશ્રય આપો છો, મહેમાનોની સેવા કરો છો, લોકોની તકલીફોમાં સહાય કરો છો, આપ સ.અ.વ.ને કઈ વાતનો ડર છે ?

અલ્લાહનો સંદેશ આવ્યો. આપ સ.અ.વ.એ તેને ફેલાવવાનું શરૂ કર્યું. લોકોથી કહેતા, અલ્લાહ એક છે. તે બધાંનું સર્જન કરનાર છે. તે જ બધાંને ખવડાવે છે. તે જ બધાંનો શાસક છે. સ્વામી અને માલિક છે. તમે તેની આજ્ઞાનું પાલન કરો, તેની જ ઇબાદત કરો, તે જ તમારા બધાંનો ઉપાસ્ય છે, હું અલ્લાહનો રસૂલ છું. તેના આદેશો તમને સંભળાવું છું. તેની ઇચ્છા દર્શાવું છું. મારૂં કહ્યું માનો, બૂરાઈઓથી બચો, સારા કર્મો કરો, મૃત્યુ પછી તમે ફરી જીવતા થશો. તમને અલ્લાહની પાસે લાવવામાં આવશે, તે તમારા બધા કર્મોનો હિસાબ લેશે. જેણે સારા કર્મો કર્યા હશે અલ્લાહ તેનાથી ખુશ થશે. તેને જન્નત (સ્વર્ગ) માં દાખલ કરશે. ખરાબ કર્મ કરનારાઓથી અલ્લાહ નારાજ થશે અને તેમને સખત સજા કરશે અને હંમેશને માટે ભયંકર સજાઓવાળી દોજખ (નર્ક)માં નાખી દેશે.

સારા લોકો હુઝૂર સ.અ.વ.ની વાતો માની ગયા. હઝરત અબૂ બક્ર સિદ્દીક રદિ. આપ સ.અ.વ.ના મિત્ર હતા. પુરુષોમાં સૌથી પહેલાં તે ઈમાન લાવ્યા.હઝરત ખદીજા રદિ. હુઝૂર સ.અ.વ.ની નેક બીબી હતા,સ્ત્રીઓમાં સૌ પ્રથમ તેઓ ઈમાન લાવ્યા. હઝરત અલી રદિ. હુઝૂર સ.અ.વ.ના કાકા-પુત્ર હતા. કિશોરોમાં સૌ પ્રથમ તેઓ ઈમાન લાવ્યા. હઝરત ઝૈદ રદિ. હુઝૂર સ.અ.વ.ના ગુલામ હતા. ગુલામોમાં તેઓ સૌ પ્રથમ ઈમાન લાવ્યા. આ ચારેય ઘણાં નેક હતા. હુઝૂર સ.અ.વ.ની સાથે રહેતા, હુઝૂર સ.અ.વ.ની સારી ટેવોથી વાકેફ હતા. હુઝૂર સ.અ.વ.ની વાત સાંભળતાં જ તેને સાચી માની તરત ઈમાન લાવ્યા. અલ્લાહ આ બધાંથી રાજી થાય.

## પહાડનો ઉપદેશ

થોડા સમય બાદ અલ્લાહનો આદેશ આવ્યો, "પોતાંના ભટકેલા ભાઈઓને અલ્લાહના પ્રકોપથી ડરાવો." હુઝૂર સ.અ.વ.એ એ પ્રમાણે જ કર્યું. મક્કાની પાસે એક પહાડી છે. તેનું નામ 'સફા' છે. હુઝૂર સ.અ.વ.આ પડાહી પર ચઢી ગયા અને મક્કાવાસીઓને બોલાવ્યા. જ્યારે બધા ભેગા થઈ ગયા તો હુઝૂર સ.અ.વ.એ સંબોધન કર્યું :

"હું પહાડની ટોચે છું. તમે પહાડની નીચે છો, હું પહાડની આ બાજુ પણ જોઈ શકું છું અને પેલી બાજુ પણ. પણ તમે ફક્ત એક બાજુ જ જોઈ શકો છો, જો હું કહું કે આ પહાડની પાછળ ડાકૂઓની એક ટોળકી છે જે તમારા પર હુમલો કરવા વાળી છે તો શું તમે વિશ્વાસ કરશો ?"

બધાંએ એક અવાજે જવાબ આપ્યો: "આ સત્ય છે. આપ સ.અ.વ.ઉપર છો, ચારે દિશામાં જોઈ શકો છો, આપ સ.અ.વ. સાચા છો, અમીન છો, આપ સ.અ.વ. કદી પણ અસત્ય ઉચ્ચારતા નથી, અમે આપ સ.અ.વ.ની વાત પર વિશ્વાસ કરીએ છીએ, આપ સ.અ.વ.ની વાત સાચી માનીશું."

પછી હુઝૂર સ.અ.વ.એ. કહ્યું, "લોકો ! તમારા સમજવા માટે આ તો એક વાત હતી. તમે વિશ્વાસ રાખો, મૃત્યુ તમારા માથે છે, એક દિવસ તમારે મૃત્યુ પામવાનું છે, મરીને અલ્લાહ પાસે જવાનું છે, તમારી કરણીનું ફળ ભોગવવાનું છે, જો તમે ઈમાન લાવી સારા કાર્યો ન કર્યા તો તમારા પર કોઈ મોટો પ્રકોપ ઊતરશે. તમે ફક્ત દુનિયાને નિહાળી રહ્યા છો, આખિરત (પરલોક) તમારી સમક્ષ નથી. હું પરલોકને પણ નિહાળી રહ્યો છું અને તમને તે વાત બતાવી રહ્યો છું જે તમે નથી જાણતા.

મક્કાવાસીઓએ હુઝૂર સ.અ.વ.નો ઉપદેશ સાંભળ્યો, કેવી સાચી વાતો હતી. વહાલા નબી સ.અ.વ.એ કેવા સારા અને સરળ ઢંગથી સમજાવ્યા હતા. બધા આપ સ.અ.વ.ને સાચા માનતા હતા; પણ આ સાચી વાત પર વિશ્વાસ ન કર્યો. આપ સ.અ.વ.ને ભલું-બૂરૂં કહેવા લાગ્યા. બૂરૂં કહેનારાઓમાં અબૂ લહબ પણ હતો. અબૂ લહબ હુઝૂર સ.અ.વ.નો કાકા હતો.

## હુઝૂર ﷺ ને સતાવવામાં આવ્યા

હુઝૂર સ.અ.વ.એ અલ્લાહનો સંદેશ સંભળાવ્યો. લોકોને ખરાબ વાતોથી રોકી, ભલા કાર્યો તરફ પ્રોત્સાહિત કર્યા. નેક લોકો માની ગયા, માનીને મુસલમાન થઈ ગયા, અલ્લાહના સાચા બંદા બની વહાલા નબી સ.અ.વ.ના સાથી બની ગયા. ખરાબ વ્યક્તિઓએ આનાકાની કરી સાંભળ્યું ન સાંભળ્યું કરી દીધું. આપ સ.અ.વ. તેમનું પણ સારૂં ઈચ્છતા હતા. તેઓ તો આપ સ.અ.વ.ના શત્રુ બની બેઠા. પહેલાં હુઝૂર સ.અ.વ.ને ડરાવ્યા,

ધમકાવ્યા પછી લાલચ આપી. જ્યારે એમ પણ કામ ન ચાલ્યું તો હુઝૂર સ.અ.વ.ને હેરાન કરવા લાગ્યા. રસ્તામાં હુઝૂર સ.અ.વ.ને સતાવતા, ગાળો આપતા, ખરાબ ખરાબ વાતો કહેતા, પત્થર મારતા, રસ્તામાં કાંટા પાથરી દેતા, હુઝૂર સ.અ.વ. પર કચરો નાખતા, કાદવ ઉડાડતા. હુઝૂર સ.અ.વ.દુઃખ સહન કરતા અને ધીરજ રાખતા. લોકોને સત્ય-માર્ગ બતાવતા, સારી વાતો શીખવાડતા, તેમના માટે અલ્લાહને પ્રાર્થના કરતા. હે અલ્લાહ! તું એમને નેક બનાવી દે, પણ આ દુષ્ટોનો અત્યાચાર વધતો ગયો. હુઝૂર સ.અ.વ.ના ગોત્રનો બહિષ્કાર કર્યો. તેમનો ખાવા-પીવાનો વ્યવહાર બંધ કરી દીધો. નાના બાળકો ભૂખથી ટળવળવા લાગ્યા. ઉપવાસ પર ઉપવાસ થવા લાગ્યા. પાંદડા ચાવીને દિવસો વિતાવવા પડ્યા. થોડા દિવસ પછી હુઝૂર સ.અ.વ.ના હિતેચ્છુ કાકા અબૂ તાલિબ મૃત્યુ પામ્યા. વહાલી બીબી ખદીજા રદિ. મૃત્યુ પામ્યા. આ બંનેથી આપ સ.અ.વ.ને ઘણું સાંત્વન રહેતું હતું. આનાથી આપ સ.અ.વ.ને ઘણું દુઃખ થયું. શત્રુઓ પહેલાં અબૂ તાલિબથી ડરતા હતા. તેમના મૃત્યુ બાદ હવે વિના સંકોચે સતામણી કરવા લાગ્યા.

એકવાર હુઝૂર સ.અ.વ. કા'બામાં નમાઝ પઢી રહ્યા હતા ત્યારે એક પાપીએ જોયું. તેણે પોતાની ચાદર લપેટી ફંદો બનાવી હુઝૂર સ.અ.વ.ના ગળામાં નાખી દીધી. હુઝૂર સ.અ.વ. સિજદામાં ગયા તો નિર્દયતાપૂર્વક ખેંચવા લાગ્યો. એટલામાં હઝરત અબૂ બક્ર રદિ. આવ્યા. તેમણે રોક્યા તો વિરોધીઓએ અબૂ બક્ર રદિ.ને પણ માર્યા.

વિરોધીઓમાં એક સરદાર અબૂ લહબ હતો. તે પણ હુઝૂર સ.અ.વ.નો કટ્ટર શત્રુ હતો. નમાઝ પઢતાં સમયે તેણે હુઝૂર સ.અ.વ. પર ઊંટના આંતરડા નંખાવી દીધા. હુઝૂર સ.અ.વ.ની લાડકવાઈ પુત્રી બીબી ફાતિમા રદિ. આ સાંભળી દોડી આવ્યા. આંતરડા દૂર કર્યા. ગંદકી સાફ કરી અને આ મૂર્ખાઓને સમજાવ્યા.

હુઝૂર સ.અ.વ.ના સાથીઓને પણ કાફિરો હેરાન કરતા હતા. હુઝૂર સ.અ.વ.ના એક વહાલા સાથી હઝરત બિલાલ રદિ. હતા. (અલ્લાહ તેમનાથી રાજી થાય) તેઓ એક કાફિરના ગુલામ હતા. જ્યારે તેણે સાંભળ્યું કે હઝરત બિલાલ રદિ. મુસલમાન થઈ ગયા છે તો તેણે તેમને હેરાન કરવાનું શરૂ કરી દીધું. કેટલાય

દિવસ સુધી ભૂખ્યા રાખ્યા. તેમને માર-પીટ કરવામાં આવતી. ધખધખતી રેતી પર સુવાડી છાતી ઉપર પત્થર મૂકવામાં આવતા. ગળામાં રસ્સી બાંધીને પત્થરોમાં તેમને ઘસડવામાં આવતા. હઝરત બિલાલ રદિ.અલ્લાહના માર્ગમાં દુઃખ સહન કરતાં અને ધીરજ રાખતા.

હુઝૂર સ.અ.વ.ના એક સાથી હઝરત ખબ્બાબ રદિ.હતા. જ્યારે તેઓ મુસલમાન થયા તો કાફિરોએ તેમને પણ સતાવ્યા. એક દિવસ કાફિરોએ કોલસા બાળી જમીન પર પાથરી તેમને ચત્તા સુવાડી દીધા. છાતી પર પગ મૂક્યા જેથી પાસું પલટી ન શકે. તેઓની પીઠ દાઝી ગઈ.

હઝરત યાસિર રદિ.હુઝૂર સ.અ.વ.ના એક બીજા સાથી હતા. અબૂ જહલે તેમના કુટુંબને ખૂબ હેરાન કર્યા. તેમની એક બીબીને આ દુષ્ટે ભાલો મારી શહીદ કર્યા.

આ પ્રકારે અલ્લાહના આ નેક બંદાઓને જુદી જુદી રીતે તકલીફ આપવામાં આવી. જરા વિચારો, આ બિચારાઓએ તેમનું શું બગાડયું હતું? એ જ ને કે તેઓ અલ્લાહના આદેશોનું પાલન કરતા હતા અને બીજાઓને પણ ભલાઈની વાતો સંભળાવતા હતા. અલ્લાહના હુકમો પર ચાલવા કહેતા હતા. આ કામ માટે તેઓ કોઈની પાસેથી કશું પણ માગતા ન હતા.

હકીકત એ છે કે કુરૈશના સરદાર ઘણાં ખરાબ હતા.તે લોકોને પોતાની ઇચ્છા પર ચલાવતા. અને તેમના પર ખુદાઈ ઠાઠ જમાવતા. જ્યારે તેમણે જોયું કે વહાલા નબી સ.અ.વ.ની મનમોહક વાતો લોકોના મન જીતી લે છે અને તે મનુષ્યોના હુકમ ત્યજી અલ્લાહની આજ્ઞાનું પાલન કરવા તૈયાર થઈ જાય છે; તો તેમને ભય થયો કે જો ઇસ્લામ ફેલાઈ જશે તો અમારી નેતાગીરીનો અંત આવશે. કોઈ અમને વડા માનશે નહીં, આથી તેઓ અત્યાચાર કરતા હતા. લોકોને અલ્લાહના માર્ગથી રોકતા હતા. પણ અલ્લાહના આ અડગ ગુલામો જરા પણ ડગતા નહીં. તે લોકો તકલીફો સહન કરતા રહ્યા અને અલ્લાહના માર્ગ પર સ્થિર રહ્યા. (અલ્લાહ આ બધાથી રાજી થાય).

## ઇથોપિયા, હબશા તરફ હિજરત

કાફિરોએ મુસલમાનોને ઘણાં કષ્ટ આપ્યાં. વહાલા નબી સ.અ.વ.ને સતાવ્યા. હુઝૂર સ.અ.વ.ના સાથીદારોને પજવ્યા. જ્યારે કષ્ટ સહન કરવાની એક હદ

આવી ગઈ અને કુર્આન પઢવું, અલ્લાહની ઇબાદત કરવી, દીનને વળગી રહેવું, બીજાઓને દીનની વાતો બતાવવી વિ., બધું મુશ્કેલ થઈ ગયું તો હુઝૂર સ.અ.વ.એ મુસલમાનોને કહ્યું, તમે દીનને ખાતર ઘણાં દુ:ખો વેઠ્યા છે.હવે જે ઇચ્છે તે ઇથોપિયા ચાલ્યો જાય. એ દેશનો બાદશાહ નજ્જાશી છે. નજ્જાશી ઘણો સારો છે. ત્યાં કોઈ રોકટોક નથી.અલ્લાહના દીન પર ચાલવાની આઝાદી હશે. ત્યાં દીન પ્રચારની પણ તક મળશે. આ સાંભળી ઘણા મુસલમાનો મક્કા છોડી ઇથોપિયા ચાલ્યા ગયા. વહાલા નબી સ.અ.વ.ના સાથીદારોની આ પ્રથમ હિજરત હતી.

કાફિરોએ ત્યાં પણ તેમને ચેનથી ન રહેવા દીધા. પીછો પકડી ઇથોપિયા પહોંચ્યા. નજ્જાશીથી જૂઠી ફરિયાદ કરી. મુસલમાનોને દરબારમાં બોલાવવામાં આવ્યા. તેમાં હઝરત અલી રદિ. ભાઈ હઝરત જા'ફર રદિ.પણ હતાં. હઝરત જા'ફર રદિ.મુસલમાનોના સરદાર હતા. તેમણે દરબારમાં એક પ્રવચન કર્યું. તે ઘણું જ અસરકારક હતું. તેમણે કહ્યું :

"હે બાદશાહ! અમે અજાણ્યા હતા, અજ્ઞાની હતા, મૂર્તિપૂજક હતા, હરામ વસ્તુઓ ખાતા હતા, ખરાબ કાર્યો કરતા હતા, અપશબ્દો ઉચ્ચારતા હતા, નાપાક રહેતા હતા અને અંદરો-અંદર ઝઘડતા હતા, ધનવાનો ગરીબો ઉપર અત્યાચાર કરતા હતા, પોતાના પાડોશીઓ સાથે સારો વ્યવહાર કરતા ન હતા, ભાઈ-ભાઈ લડતા હતા,બળવાનો નિર્બળોને સતાવતા હતા, શું બતાવવું, અમે ખરાબ હતા. અમારા બધા કામો ખરાબ હતા. અલ્લાહે અમારા પર દયા કરી. સન્માર્ગ બતાવવાની વ્યવસ્થા કરી. અમારામાં પોતાનો એક રસૂલ મોકલ્યો. અમે બધા તેને જાણીએ છીએ. તે ઘણો જ નેક, સાચો અને વિશ્વાસુ છે. તેણે અમને સત્ય માર્ગ બતાવ્યો. સાચા દીનની તરફ બોલાવ્યા. અલ્લાહનો માર્ગ દર્શાવ્યો. એક બીજા સાથે પ્રેમ કરતા શીખવાડ્યું. તેણે અમને સમજાવ્યું કે અમે મૂર્તિપૂજાનો ત્યાગ કરીએ. અલ્લાહની ઇબાદત કરીએ, સત્ય બોલીએ, વચન પાલન કરીએ, ખરાબીઓથી દૂર રહીએ, અનાથોની સંપત્તિ ન વાપરીએ, ઉપદ્રવ ન મચાવીએ, પાડોશીઓને ન સતાવીએ તેમને સુખ પહોંચાડીએ, સ્ત્રીઓ પર અત્યાચાર ન કરીએ, નમાઝ પઢીએ, રોઝા રાખીએ, અલ્લાહની ખુશી માટે ધન ખર્ચીએ, હળીમળીને રહીએ અને એકબીજાને આપણા ભાઈ માનીએ. અમે તેમને નબી માન્યા, અલ્લાહના રસૂલ જાણ્યા, તેમની વાતો પર ચાલવા લાગ્યા. આ જોઈ અમારી જાતિના લોકો

અમારા શત્રુ બની બેઠા, અમને સતાવવા લાગ્યા. તે માટે અમે દેશ છોડી અહીં આવી ગયા."

બાદશાહે હઝરત જા'ફર રદિ.ની વાત સાંભળી, આપની વાત ઘણી જ અસરકારક હતી. બાદશાહ ઘણાં ધ્યાનથી સાંભળતો રહ્યો. તેણે આ વાત સત્ય જાણી. પછી તેણે કુર્આન સાંભળ્યું. કુર્આન સાંભળી તે રડવા લાગ્યો. તેણે કાફિરોને કાઢી મૂક્યા. મુસલમાનો સાથે સારો વ્યવહાર કર્યો. થોડા દિવસ પછી નજ્જાશી પણ મુસલમાન બની ગયો. હજુ વહાલા નબી સ.અ.વ.એ હિજરત કરી ન હતી. હુઝૂર સ.અ.વ.ઈથોપિયા ન ગયા. મક્કામાં રહ્યા. દુ:ખ સહન કરતા રહ્યા. અલ્લાહની તરફ બોલાવતા રહ્યા. આપ સ.અ.વ. મેળાઓમાં જતા, બજારોમાં જતા, હજ્જના સમયે લોકોને દીનની વાતો કહેતા. ધીમે ધીમે મક્કાની બહાર ઈસ્લામ પ્રસરવા લાગ્યો.મક્કાની પાસે એક વસ્તી છે. તેનું નામ તાઈફ છે. અલ્લાહની વાતો બતાવવા આપ સ.અ.વ. તાઈફ પહોંચ્યા, તાઈફવાસીઓ ઘણાં કઠોર હતા. તેમણે હુઝૂર સ.અ.વ.ની વાતો સાંભળવાની ના પાડી. હુઝૂર સ.અ.વ.ની સાથે ખરાબ રીતે વર્ત્યા, પત્થરો માર્યા, અપશબ્દો બોલ્યા, નાના બાળકોને આપ સ.અ.વ.ની પાછળ હેરાન કરવા લગાડી દીધા. આપના પવિત્ર શરીર પરથી લોહી વહેવા લાગ્યું. પરંતુ હુઝૂર સ.અ.વ.એ તેમના માટે શાપ કે બદ્દુઆ ન કરી. પરંતુ અલ્લાહથી તેમના માટે આ પ્રાર્થના કરતા રહ્યા; "હે અલ્લાહ! એમને સીધો માર્ગ બતાવ."

## મક્કાથી મદીના

મદીના અરબસ્તાનનું એક પ્રખ્યાત શહેર છે. આ શહેર મક્કાથી દૂર આવેલું છે. મદીનાના લોકો દર વર્ષે મક્કા જતા. મક્કા જઈ હજ્જ કરતા. વહાલા રસૂલ સ.અ.વ. તેમની મુલાકાત કરતા. ગુપ્ત રીતે તેમને ઈસ્લામની વાતો કહેતા. મદીનાના લોકો નેક હતા. તે વહાલા નબી સ.અ.વ.ની મનમોહક વાતો ધ્યાનપૂર્વક સાંભળતા. તેમાંના ઘણાં મુસલમાન થઈ ગયા. આ પ્રમાણે અલ્લાહનો દીન મદીના પહોંચ્યો.

મક્કાના કાફિરોની સતામણી વધતી ગઈ. તેમણે વહાલા નબી સ.અ.વ.ને ખૂબ હેરાન કર્યાં. જ્યારે તેમનામાં આપ સ.અ.વ.ની વાત પર ધ્યાન આપનારો કોઈ ન રહ્યો અને આપ સ.અ.વ.ની જાન લઈ લેવાનું કાવત્રું ઘડાવા લાગ્યું તો

અલ્લાહે આપ સ.અ.વ.ને મદીના જવાની આજ્ઞા આપી. એક રાત્રે દુષ્ટોએ આ ગંદો વિચાર કર્યો કે વહાલા નબી સ.અ.વ.ને કતલ કરવામાં આવે. આ કામ માટે પાપીઓએ એમ નક્કી કર્યું કે દરેક ગોત્રનો એક-એક માણસ લેવામાં આવે. બધાં મળીને વહાલા નબી સ.અ.વ.ના મકાનને ઘેરી લે અને જ્યારે હુઝૂર સ.અ.વ. ઘરથી નીકળે તો એક સાથે બધા તૂટી પડી હુઝૂર સ.અ.વ.નું ખૂન કરી નાખે. અલ્લાહે હુઝૂર સ.અ.વ.ને આ પાપી યોજનાની જાણ કરી દીધી. હુઝૂર સ.અ.વ. અલ્લાહનું નામ લઈને ઘરથી બહાર નીકળી ગયા. કાફિરો મકાનની ચારેબાજુ હતા. પરંતુ તેમને કંઈ સૂઝ જ ન પડી. વહાલા નબી સ.અ.વ.ને કોઈ જોઈ ન શક્યું. હુઝૂર સ.અ.વ.ના વિશ્વાસુ મિત્ર હઝરત અબૂ બક્ર રદિ.પણ આપની સાથે હતા. બંને મક્કાની બહાર પહોંચ્યા. મક્કાની બહાર એક ગુફા છે. તેનું નામ સૌર છે.બંને સૌરની ગુફામાં પહોંચ્યા. કાફિરોએ પીછો કર્યો. ચારે તરફ પગીઓ દોડાવ્યા. એક માણસ તો તે ગુફાના મુખ સુધી આવી પહોંચ્યો. હઝરત અબૂ બક્ર રદિ.ભયભીત થયા. હુઝૂર સ.અ.વ.એ ફરમાવ્યું, 'ડરો નહિં. અલ્લાહ આપણી સાથે છે.' અલ્લાહે કાફિરની બુદ્ધિ નષ્ટ કરી નાખી. કંઈ પણ જોઈ ન શક્યો. સાચું છે, જેને અલ્લાહ જીવતા રાખવા ચાહે તેને કોણ મારી શકે?

ત્રણ દિવસ પછી ત્યાંથી આગળ વધ્યા. મદીનાવાસીઓ પ્રતિક્ષા કરી રહ્યા હતા. ત્યાં પહોંચ્યાં તો લોકો ખૂબ ખુશ થયા. નાની બાળકીઓ તો હર્ષમાં આવી ગીતો ગાવા લાગી. દરેક વ્યક્તિ ચાહતી હતી કે હુઝૂર સ.અ.વ. અમારા મહેમાન બને.

ધીમે-ધીમે ઘણાં મુસલમાનો ઘર-બાર છોડી મદીના ચાલ્યા ગયા. ઈથોપિયાના મુસલમાનનો પણ મદીના આવી ગયા. આ બધા હિજરત કરીને આવ્યા હતા. આથી આ લોકો 'મુહાજિર' કહેવાયા. મદીના વાસીઓએ તેમની સહાય કરી. રહેવા મકાન આપ્યા. પોતાના ત્યાં લગ્ન સંબંધો બાંધ્યા. ધંધા-વેપારમાં ભાગીદાર બનાવ્યા. આ મદદ આપનાર મદીનાના મુસલમાનો 'અન્સાર' (સહાયક) કહેવાયા.

'મુહાજિર' અને 'અન્સાર' ભાઈ-ભાઇ થઈ ગયા. આ ભાઈઓમાં એટલો પ્રેમ હતો કે સગા ભાઈઓમાં પણ ન હોય. હુઝૂર સ.અ.વ.એ આ બધામાં સાચો અને અતૂટ ભાઈચારો કરાવી દીધો હતો. મુસલમાનો માટે આવા કઠણ સમયમાં આ સંગઠન અલ્લાહનું મોટું વરદાન હતું.

## લડાઈઓ

વહાલા નબી સ.અ.વ. દયાના સાગર હતા. હુઝૂર સ.અ.વ.તો જગત માટે કૃપા બનીને આવ્યા હતા. હુઝૂર સ.અ.વ. સૌની ભલાઈ ચાહતા હતા. બધાંની સાથે સારો વ્યવહાર કરતા હતા. પત્થર ફેંકનારા માટે પણ શુભકામના વ્યકત કરતા.દીનને ખાતર ઘરનો ત્યાગ કર્યો. હિજરત કરી મદીના ગયા. વિચાર્યું હતું કે ત્યાં શાંતિથી રહી અલ્લાહનો સંદેશ ફેલાવીશું. મુસલમાનોને અલ્લાહની ઈચ્છા પ્રમાણે વર્તન કરાવીશું.પણ કાફિરોએ ત્યાં પણ શાંતિથી વસવામાં અવરોધો ઊભા કર્યા. મદીનાની આજુબાજુ તેમજ અંદર યહૂદીઓ વસતા હતા. તે પોતાને મૂસા અ.સ.ના અનુયાયીઓ કહેતા હતા. પરંતુ તેમના બધા કાર્યો કાફિરો જેવા હતા. આ લોકો પણ વહાલા નબી સ.અ.વ.ના દુશ્મન બની ગયા. કાફિરોથી મળીને હુઝૂર સ.અ.વ.ને દગો કરવા લાગ્યા.મુસલમાનોની વાતો કાફિરો સુધી પહોંચાડી. જૂઠી વાતો બનાવી. તેમને લડાઈ કરવા પ્રોત્સાહિત કરતા. મદીનામાં કેટલાક મુનાફિક (દંભી) હતા. તેઓ જાહેરમાં મુસલમાન હતા પણ દિલથી મુસલમાનોના દુશ્મન હતા. આ લોકો પણ કાફિરોથી મળી મુસલમાનોને દગો દેતા હતા.

## બદ્રની લડાઈ

એક વાર જૂઠી ખબર સાંભળી કાફિરોએ મુસલમાનો ઉપર આક્રમણ કરી દીધું. અલ્લાહે મુસલમાોને પણ યુદ્ધની આજ્ઞા આપી. કાફિર સંખ્યામાં વધારે હતા.મુસલમાનો ખૂબ ઓછા હતા. કાફિરો એક હજાર કરતાં વધારે હતા. મુસલમાન ફકત ત્રણસો તેર હતા. કાફિરો પાસે પુષ્કળ શસ્ત્ર-સામગ્રી હતી. મુસલમાનો પાસે અલ્પ પ્રમાણમાં સાધનો હતા. બદ્રના સ્થાને બન્ને ટકરાયા. ઘમસાણનું યુદ્ધ થયું. મુસલમાનો સાચા હતા. વહાલા નબી સ.અ.વ. સચ્ચાઈ ઉપર હતા. અલ્લાહે મદદ કરી.મુસલમાનોનો વિજય થયો. કાફિરોનો પરાજય થયો. કાફિરોના મોટા-મોટા સરદારો માર્યા ગયા. અબૂ જહલ માર્યો ગયો. ઉતબા માર્યો ગયો. કાફિરોના સિત્તેર માણસો માર્યા ગયા. સિત્તેર કેદ પકડાયા. બાકીના રણમેદાનમાંથી ભાગી છૂટ્યા.

## ઉહદની લડાઈ

બીજા વર્ષે કાફિરોએ જંગી સંખ્યામાં સેના એકઠી કરી મુસલમાનો પર ફરી આક્રમણ કર્યું. ઉહદ પાસે લડાઈ થઈ. મુસલમાનો સંખ્યામાં ઓછા હતા, પરંતુ અલ્લાહની મદદથી જીતી ગયા. વિજયના હર્ષમાં અમુક મુસલમાનો એક ઘાટીના પહેરામાંથી જે તેમને સોંપવામાં આવી હતી હટી ગયા. કાફિરોએ ત્યાં આક્રમણ કરી દીધું, જેનાથી મુસલમાન ગભરાઈ ગયા. તેમના પગલા પાછા પડ્યા. કેટલાય બહાદુર મુસલમાનો શહીદ થયા.હુઝૂર સ.અ.વ.ના બહાદુર કાકા હઝરત હમ્ઝા રદિ. આ યુદ્ધમાં શહાદતને વર્યા. હુઝૂર સ.અ.વ.ના બે દાંત પણ શહીદ થયા. હુઝૂર સ.અ.વ. આ યુદ્ધમાં પણ અડગ રહ્યા. તેમને અલ્લાહ પર વિશ્વાસ હતો. અલ્લાહની મદદ આવી. મુસલમાનો ફરીથી સાવધ થયા. અંતમાં મુસલમાનોની જીત થઈ અને કાફિરોને નાસવું પડ્યું.

કાફિરોથી મુસલમાનોની બીજી અનેક લડાઈઓ થઈ. યુધ્ધમાં મુસલમાન ઓછી સંખ્યામાં અને કાફિરો વધારે સંખ્યામાં હતા. મુસલમાનો પાસે સાધન-સામગ્રી ઓછી હતી અને કાફિરો શસ્ત્ર સામગ્રીથી લદાયેલા હતા. પરંતુ મુસલમાનો સચ્ચાઈ પર હતા અને અલ્લાહ માટે તેઓ લડતા હતા અને કાફિરો પોતાને માટે લડતા હતા. આ કારણે અલ્લાહ મુસલમાનોને મદદ કરતો અને કાફિરોને પરાજયનું મોં જોવું પડતું.

અંતમાં થાકીને કાફિરોએ લડાઈ સમાપ્ત કરી મુસલમાનો સાથે સંધિ કરી.

## મક્કાનો વિજય

કાફિરો અને મુસલમાનો વચ્ચે થોડા સમય સુધી યુદ્ધ બંધ રહ્યું. કાફિરોએ ફરીથી ચેનચાળા શરૂ કર્યા. કેટલાય મુસલમાનોને કા'બામાં શહીદ કર્યા. આ સાંભળી વહાલા નબી હુઝૂર સ.અ.વ. દસ હજાર મુસલમાનોને લઈ મક્કા તરફ ચાલી નીકળ્યા. કાફિરો હેબતાઈ ગયા. કેટલાક તો ઘરબાર છોડી નાસી ગયા. કેટલાકે માફી માગી અને મુસલમાન થઈ ગયા. વહાલા નબી હુઝૂર સ.અ.વ.એ બધાંને ક્ષમા આપી. જેમણે હેરાન કર્યા હતા તેમને પણ માફ કર્યા. મક્કા પર મુસલમાનોનો કબજો થઈ ગયો. કા'બામાંથી મૂર્તિઓ હટાવી

તેને પવિત્ર કરવામાં આવ્યું. થોડા સમયમાં તો આખા આરબમાં ઇસ્લામનો ધ્વજ લહેરાવા લાગ્યો.

વહાલા નબી સ.અ.વ.નું કામ પૂરૂં થયું. હુઝૂર સ.અ.વ.એ સંદેશ પહોંચાડી દીધો. અલ્લાહના દીન પર ચાલીને બતાવ્યું. દીનનો પ્રચાર કરવા મુસલમાનોની એક મોટી જમાઅત (સમૂહ) તૈયાર કરી. અલ્લાહે હુઝૂર સ.અ.વ.ને પોતાની પાસે બોલાવી લીધા.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદ વ અલા
આલિ મુહમ્મદ વ બારિક વ સલ્લમ

ઇસ્લામનો સંદેશ પૂર્ણ છે. હવે વહાલા નબી સ.અ.પ પછી કોઈ પણ નબી આવશે નહીં. દીનની વાતો બતાવવાનું કામ હવે મુસલમાનોને શિરે છે.

દરેક યુગના મુસલમાનો પોતાના યુગના મનુષ્યો સુધી ઇસ્લામનો સંદેશ પહોંચાડવા જવાબદાર છે. અલ્લાહનો આભાર કે આપણે પણ મુસલમાન છીએ. ઇસ્લામનો પ્રચાર કરવાની જવાબદારી આપણા નિર્બળ બાહુઓ પર છે. વહાલા નબી સ.અ.વ.એ ધર્મને માટે દુઃખ સહન કર્યા છે. અમે પણ દુઃખ સહન કરી આખા જગતમાં દીનનો પ્રચાર કરીને જ રહીશું.

હે અલ્લાહ અમને શક્તિ આપ. અમારા વડે તારા દીનનું કામ લે. અમે તારા દીન પર અડગ રહીએ. નેકીના માર્ગ પર ચાલતા રહીએ અને બીજાને નેકીની વાતો બતાવતા રહીએ. તેમને માર્ગની તરફ પોકારતા રહીએ......હે અલ્લાહ તું જ અમારો આશ્રય છે અને તારી ખુશી અમારો સૌથી શ્રેષ્ઠ બદલો છે. (આમીન)

## હુઝૂર ﷺ કેવા હતા ?

હુઝૂર સ.અ.વ. ખૂબ સારા હતા. હુઝૂર સ.અ.વ.ના બધા કાર્યો સારા હતા. દુનિયા અને આખિરત (પરલોક)ની તમામ સારી વાતો આપ સ.અ.વ.માં હતી. આપણે ક્યાં સુધી હુઝૂર સ.અ.વ.ની પ્રશંસા કરીએ. નાના મોઢે મોટી વાત.

હુઝૂર સ.અ.વ.ની પ્રશંસા તો અલ્લાહે કરી છે. કોઈએ હુઝૂર સ.અ.વ.ના વહાલા પત્ની હઝરત આયશા રદિ.ને પૂછ્યું કે હુઝૂર સ.અ.વ. કેવા હતા?

તે બોલ્યા, 'કુર્આનમાં જેટલા સારા ગુણો વર્ણવ્યા છે તે બધા હુઝૂર સ.અ.વ.માં હતા. હુઝૂર સ.અ.વ.કુર્આનનો સાચો નમૂનો હતા.'

હુઝૂર સ.અ.વ. સ્વચ્છ અને પવિત્ર રહેતા. ગંદકીથી હુઝૂર સ.અ.વ.ને ઘૃણા હતી. હુઝૂર સ.અ.વ. સ્વચ્છતાને અડધું ઈમાન બતાવતા. સ્નાન કરતા, સ્વચ્છ વસ્ત્રો પહેરતા, અત્તર લગાવતા, રોજ મિસ્વાક કરતા.

હુઝૂર સ.અ.વ. પ્રસન્ન ચિત્તે ભોજન કરતા. ભોજનને ખરાબ ન કહેતા. પોતાની સામેથી ખાવાનું શરૂ કરતા. અહીં-તહીં હાથ ન નાખતા. ખાતી વખતે ટેકો લગાવી ન બેસતા. ભૂખથી વધુ ન ખાતા. ખાધા પછી તરત જ સૂઈ જતા. ભર્યા પેટ પર ન ખાતા. આવું કરવાની મનાઈ કરતા. હુઝૂર સ.અ.વ.એ પેટને બીમારીનું મૂળ બતાવ્યું છે.

પોતાનું કામ જાતે કરતા. કોઈના આશરે બેસી ન રહેતા. બીજાઓના કામો પણ કરી આપતા. પ્રાણીઓને ચારો નાખતા, તેમની સેવા કરતા, તેમનું દૂધ દોહતા, ઝાડુ આપતા, લોટ ગૂંદતા, કપડાં ધોતા, બજારથી સામાન લાવતા, પગરખાંની મરામત કરતા, મકાનનું સમારકામ કરતા. ક્યારેય પણ બેકાર ન બેસતા. કામમાં લાગેલા રહેતા.બધાના કાર્યો કરતા. બીજાઓથી કામ કરાવવું પસંદ ન કરતા.

સાદાઈથી રહેતા, ભડકદાર વસ્ત્રો ન પહેરતા. પુરુષોને સોનું અને રેશમ પહેરવાની મનાઈ કરતા. ઢીલા અને ખુલતા વસ્ત્રો પહેરતા. સામાન્ય પથારી પર આરામ કરતા. હુઝૂર સ.અ.વ. મકાનોને હદથી વધારે શણગારવાની મનાઈ ફરમાવતા. એકવાર આપ સ.અ.વ.ની વહાલી પુત્રી બીબી ફાતેમા રદિ.એ હુઝૂર સ.અ.વ.ને ભોજન-નિમંત્રણ આપ્યું. હુઝૂર સ.અ.વ. પધાર્યા. જોયું કે મકાનો પર રેશમી પડદા લટકી રહ્યા છે. હુઝૂર સ.અ.વ. નારાજ થઈ પાછા જતા રહ્યા. કારણ પૂછતાં ફરમાવ્યું કે, શણગારેલા મકાનમાં જવું નબીના ગૌરવ વિરુદ્ધ છે.

એક વાર મકાન પર પધાર્યા. જોયું તો હઝરત આયશા રદિ.એ કપડાંથી છત ઢાંકી હતી. હુઝૂર સ.અ.વ.એ તરત જ ફાડી નાખી અને કહ્યું, "અલ્લાહે ધન એટલા માટે નથી આપ્યું કે ઈંટો-પથ્થરોને કપડા પહેરાવવામાં આવે."

હુઝૂર સ.અ.વ.પોતાના વડીલોનું સન્માન કરતા. એક વાર આપ સ.અ.વ.થી આપની દૂધમા બીબી હલીમા મળવા આવ્યા. હુઝૂર સ.અ.વ.એ તેમની સંભાળ રાખી, બેસવા માટે તેમના માટે પોતાની ચાદર પાથરી.

હુઝૂર સ.અ.વ. વચન આપી અવશ્ય પૂરૂં કરતા. નબી થયા પહેલાંની વાત છે. એક માણસે હુઝૂર સ.અ.વ.થી વાતચીત કરી. હુઝૂર સ.અ.વ.ને બેસાડી કંઈ કામે ચાલ્યો ગયો. ત્રણ દિવસ પછી પાછો આવી જુએ છે તો હુઝૂર સ.અ.વ. ત્યાં જ બેસી તેની પ્રતિક્ષા કરી રહ્યાં હતા.

હુઝૂર સ.અ.વ. કોઈથી બદલો ન લેતા. મક્કા વાસીઓએ હુઝૂર સ.અ.વ.ને હેરાન કર્યા, માર માર્યો, ઘરની બહાર નીકાળ્યા, કેટલાક લોકોએ તેમની જાન લેવા પ્રયાસ કર્યો. પરંતુ જ્યારે તેઓ આપ સ.અ.વ.ના કબજામાં આવ્યા તો હુઝૂર સ.અ.વ. એ તેમને કંઈ પણ ન કહ્યું અને ક્ષમા આપી. તાઇફ વાસીઓએ પત્થરોની વર્ષા કરી. પણ જ્યારે મક્કાના વિજય પછી ત્યાંના લોકો હુઝૂર સ.અ.વ.ની પાસે આવ્યા તો હુઝૂર સ.અ.વ.એ તેમનું સન્માન કર્યું.

હુઝૂર સ.અ.વ. પ્રાણીઓ પર દયા કરતા. એકવાર હુઝૂર સ.અ.વ. રસ્તા પર જઈ રહ્યા હતા. એક સ્થળે ચકલીએ ઈંડા મૂક્યા હતા. કોઈએ તે ઈંડા ઉઠાવી લીધા હતા. ચકલી તરફડવા લાગી. હુઝૂર સ.અ.વ.ને જાણ થઈ તો હુઝૂર સ.અ.વ. એ તે ઈંડા પાછા મુકાવી દીધા.

એક વાર એક સહાબી (હુઝૂર સ.અ.વ.ના સાથીદાર) ચકલીના બચ્ચા ઉઠાવી લાવ્યા અને હુઝૂર સ.અ.વ.ની પાસે આવ્યા, તો હુઝૂર સ.અ.વ.એ કહ્યું, "બચ્ચાઓને તેમની મા પાસે મૂકી દો."

## બાળકોથી સ્નેહ

બાળકોથી હુઝૂર સ.અ.વ.ને ખૂબ પ્રેમ હતો. બાળકો પણ હુઝૂર સ.અ.વ.ને ખૂબ ચાહતા. ગલીઓમાં આપ સ.અ.વ.ને જોઈ બાળકો ઉછળવા-કૂદવા લાગતા. હુઝૂર સ.અ.વ.ને મળતા, હુઝૂર સ.અ.વ. તેમને સલામ કરતા. હાથો વડે ઉપાડી લેતા. પ્રેમ કરતા. તેમના માટે દુઆ કરતા.

હુઝૂર સ.અ.વ. જ્યારે મક્કાથી મદીના પહોંચ્યા તો અન્સારની નાની નાની બાળકીઓ ઘરમાંથી બહાર આવી હર્ષોલ્લાસમાં ગીતો ગાવા લાગી. હુઝૂર સ.અ.વ.તેમની પાસેથી પસાર થયાં તો હુઝૂર સ.અ.વ.એ પૂછ્યું, "બાળકીઓ શું તમે મને પ્રેમ કરો છો?"

બાળકીઓએ જવાબ આપ્યો, "હા રસૂલુલ્લાહ સ.અ.વ."

હુઝૂર સ.અ.વ.એ જવાબ આપ્યો, "હું પણ તમારી સાથે પ્રેમ કરુ છું."

એક બાળક પત્થરો મારીને બીજાના વૃક્ષો પરથી ખજૂરો તોડી લેતો હતો. લોકો તેને પકડી વહાલા નબી સ.અ.વ.પાસે લાવ્યા. આપ સ.અ.વ.એ પૂછ્યું,

"તું પત્થરો કેમ મારે છે ?"

બોલ્યો, "ખજૂરો ખાવા માટે."

હુઝૂર સ.અ.વ.એ તેને મારપીટ ન કરી, પણ પ્રેમાળ સ્વરે તેને સમજાવ્યો અને માથે હાથ ફેરવી દુઆ આપી.

હઝરત હસન રદિ. અને હઝરત હુસૈન રદિ. આપ સ.અ.વ.ના દૌહિત્ર હતા. હુઝૂર સ.અ.વ.ને તેમનાથી ખૂબ પ્રેમ હતો. બંને હજુ નાના હતા. હુઝૂર સ.અ.વ. તેમની સાથે રમતા, તેમને ગોદમાં લઈ ફરતા, ખભા પર બેસાડતા, પીઠ પર બેસાડતા, એ બંને નમાઝમાં પણ હુઝૂર સ.અ.વ.ને વળગેલા રહેતાં. સજદામાં હુઝૂર સ.અ.વ.ની ઉપર તેઓ સવાર થઈ જતા, હુઝૂર સ.અ.વ. તેમને કશું પણ ન કહેતાં. નમાઝ પઢીને તેમને ઉઠાવી લેતાં અને વહાલ કરતા. હુઝૂર સ.અ.વ.એ કદી પણ કોઈ બાળકને માર માર્યો નથી. હુઝૂર સ.અ.વ. બાળકોને માર મારવાની મના કરતા હતા.

હુઝૂર સ.અ.વ.જ્યારે મુસાફરીથી પાછળ ફરતા તો જે બાળકો રસ્તામાં મળતાં તેમને પોતાની સાથે સવારી પર આગળ-પાછળ બેસાડી લેતા.

એક વાર હુઝૂર સ.અ.વ. આમંત્રણના સ્થાને જઈ રહ્યા હતા. હુસૈન રદિ.રસ્તામાં રમતા હતા. હુઝૂર સ.અ.વ.એ આગળ વધીને હાથ ફેલાવી દીધાં, તે હસીને પાસે આવીને નીકળી જતાં, છેવટે હુઝૂર સ.અ.વ.એ તેમને પકડી પાડ્યા અને પ્રેમપૂર્વક ફરમાવ્યું, "હુસૈન રદિ. મારો છે, અને હું હુસૈન રદિ.નો છું."

હુઝૂર સ.અ.વ. આ પ્રેમ ફક્ત મુસલમાનોના બાળકો માટે જ નહીં પરંતુ દરેક બાળકથી હુઝૂર સ.અ.વ.આ જ પ્રમાણે પ્રેમ કરતાં. એક વાર એક લડાઈમાં કેટલાક બાળકો પણ લપેટમાં આવી ગયા. હુઝૂર સ.અ.વ. એ સાંભળી ખૂબ દુઃખી થયા.

એક સહાબી રદિ.બોલ્યા, "રસૂલુલ્લાહ સ.અ.વ. એ બાળકો મુસલમાનોના ન હતા."

હુઝૂર સ.અ.વ.એ ફરમાવ્યું, "તમારા કરતાં શ્રેષ્ટ હતા. ખબરદાર ! બાળકોને કદી પણ કતલ ન કરતા."

ઝૈદ બિન હારિસ રદિ.એક ખૂબ જ પ્યારા બાળક હતા. કેટલાક ખરાબ લોકોએ તેમને પકડીને બજારમાં વેચી દીધા.હઝરત ખદીજા રદિ.એ તેમને ખરીદી વહાલા નબી સ.અ.વ.ની સેવામાં મોકલી દીધા.હઝરત ઝૈદ રદિ.ને પોતાનો પાલકપુત્ર બનાવ્યો. હઝરત મુહમ્મદ સ.અ.વ.ને તેમનાથી ખૂબ પ્રેમ હતો. જ્યારે ઝૈદ રદિ.ના પિતા અને કાકાને ખબર મળી તો ઝૈદ રદિ.ને લેવા તે લોકો આવ્યા, પરંતુ ઝૈદ રદિ. તે લોકો સાથે જવા તૈયાર ન થયા. બોલ્યાઃ

"હું મારા વહાલા નબી સ.અ.વ.ને મારા પિતા અને કાકાથી વધારે સમજું છું."

વહાલા બાળકો, આવા વહાલા નબી સ.અ.વ. ને કોણ મા-બાપથી વધીને ન સમજે ? એમ પણ હુઝૂર સ.અ.વ.ને આખી દુનિયાથી પ્રિય માનીએ છીએ. હુઝૂર સ.અ.વ.ની કોઈ વાત સાંભળીએ છીએ તો તરત માની જઈએ છીએ. હુઝૂર સ.અ.વ.નું નામ આવે છે તો દુરૂદ અને સલામ મોકલીએ છીએ.

**અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદ વ અલા**
**આલિ મુહમ્મદ વ બારિક વ સલ્લમ.**

## વહાલા નબી ﷺ ની વહાલી વાતો

- કહો કે હું ઈમાન લાવ્યો અને પછી તેના પર અડગ રહ્યો.
- હું છેલ્લો નબી છું. મારા પછી હવે કોઈ નબી આવશે નહીં.
- સાત વર્ષની ઉંમરના બાળકોને નમાઝ પઢવાનું કહો.
- નમાઝ સમયસર પઢો.
- નમાઝમાં પોતાની સફો (કતાર) સીધી કરો.
- નમાઝમાં આમ-તેમ નજર કરવી ખરાબ બાબત છે.
- રુકૂઅ કે સજદામાં ઈમામ કરતાં પહેલાં માથું ઉઠાવનારનું માથું અલ્લાહ ક્યાંક ગધેડાના માથા જેવું ન કરી દે.
- જન્નત માના ચરણો હેઠળ છે.
- અલ્લાહની પ્રસન્નતા બાપની પ્રસન્નતામાં છે. અલ્લાહની નારાજી બાપની નારાજીમાં છે.
- મા-બાપને ગાળ બોલવી કે અપશબ્દો બોલવા ઘણું મોટું પાપ છે. અને આ પણ ખરાબ છે કે કોઈ બાળક બીજાના મા-બાપને અપશબ્દો બોલે કે ખરાબ કહે અને જવાબમાં કોઈ તેના મા-બાપને અપશબ્દો કહે કે તેમને ખરાબ કહે.
- મોટા ભાઈનું સ્થાન બાપ સમાન છે.
- જે ઘરમાં બાળકો નથી ત્યાં રહમત (કૃપા) નથી.
- જન્મથી મૃત્યુ સુધી જ્ઞાન પ્રાપ્ત કરતા રહો.
- જેની પાસેથી જ્ઞાન મેળવો તેને માન આપો.
- સ્વચ્છતા અર્ધ-ઈમાન છે.
- શુક્રવારના દિવસે સ્નાન દરેક મુસલમાન માટે જરૂરી છે. તે દિવસે મિસ્વાક કરવું અને સુગંધી-અત્તર લગાવવું જોઈએ.
- દિવસ નીકળ્યા સુધી સૂઈ રહેવું એટલે રોજગારી (કમાણી) ગુમાવવી.
- સલામ કર્યા કરો, આનાથી મિત્રભાવ વધશે.
- નાના મોટાને, ચાલવાવાળા બેસેલાઓને, અને નાનો સમૂહ મોટા સમૂહને સલામ કરે.
- 'બિસ્મિલ્લાહ' કહીને ખાવાનું શરૂ કરો. શરૂમાં ભૂલી જાવ તો છેવટે કહો.
- જે મનમાં આવે તે ખાઈ લેવું ધન વ્યર્થમાં વેડફવું છે.
- બીમારની સામે બેસીને ખાવું ન જોઈએ.

- બજારમાં ખાવું ખરાબ વસ્તુ છે.
- પેટ સર્વ રોગોનું ઘર છે. ભૂખથી ઓછું ખાવું અસલ ઉપચાર છે.
- હુઝૂર સ.અ.વ.એ પીવાના વાસણમાં ફૂંક મારવાથી રોક્યા છે.
- અલ્લાહતઆલા ઊંધા સૂઈ જવાને પસંદ કરતો નથી.
- પાણીમાં પોતાનું પ્રતિબિંબ ન જોવું જોઈએ.
- જેણે રસ્તામાં શૌચ (સંડાસ) કર્યું તેના પર અલ્લાહની, ફરિશ્તાઓની અને બધા લોકોની ફિટકાર થાય.
- આપીને પરત લેનાર તે કૂતરા જેવો છે જે ઊલટી કરીને ચાટી લે છે.
- આંધળાને ખોટો રસ્તો બતાવનાર પર ફિટકાર છે.
- જે આજ્ઞા વગર પારકાના ઘરમાં નજર કરે તેની આંખો ફોડી નાખવાની પરવાનગી છે.
- જૂઠથી માણસનું મોં કાળું થાય છે.
- ચાડી કરનાર જન્નતમાં જશે નહીં.
- ગુસ્સો ન કરો.
- કોઈની નકલ કરવી એવી છે જેવી રીતે પીઠ પાછળ બૂરાઈ કરવી.
- મુસલમાનને અપશબ્દો કહેવા અલ્લાહની અવજ્ઞા કરવા બરાબર છે.
- કોઈની તકલીફ પર હંસો નહીં.એવું ન થાય કે તમે પોતે તે મુસીબતમાં ફંસાઈ જાઓ.
- જે એક ચકલીને ફકત રમત ખાતર કોઈ કામ વગર મારશે તો કયામતના દિવસે તે ચકલી તેના વિરુદ્ધ ફરિયાદ કરશે.
- દરેક જીવ પર દયા કરવાથી પુણ્ય મળે છે.
- પક્ષીઓ પર દયા કરવાવાળો અલ્લાહની દયાને પાત્ર બને છે.

## અમારા પર વહાલા નબી ﷺ નો હક્ક

વહાલા બાળકો, તમે હુઝૂર સ.અ.વ.ના વિષે વાંચ્યું, અલ્લાહની મહાન કૃપા હતી કે તેણે હુઝૂર સ.અ.વ.ને આપણી સમક્ષ મોકલ્યા. હુઝૂર સ.અ.વ. સૌથી સારા હતા. આપણા પર હુઝૂર સ.અ.વ.ના ઘણાં ઉપકાર છે. હુઝૂર સ.અ.વ.એ અલ્લાહની ઈચ્છા બતાવી પોતે તેના પર ચાલી બતાવ્યું. હુઝૂર સ.અ.વ.કુર્આન લાવ્યા. આપણને ઈસ્લામ રૂપી મહાન સંપત્તિ આપી. જો કદાચ હુઝૂર સ.અ.વ. ન આવતા તો અલ્લાહ જાણે દુનિયાની શી હાલત હોત.લોકો આમ-તેમ ભટકતા ફરતા અને સત્ય માર્ગ તેમને ન જડતો. બીજાઓને સતાવતા, પોતાના પર અત્યાચાર કરતા, પરલોકમાં અપમાનિત થતા, હુઝૂર સ.અ.વ.ના શિક્ષણને કારણે જ આપણે ભટકવાથી બચી ગયા. હુઝૂર સ.અ.વ.નો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

હુઝૂર સ.અ.વ. પહેલાં દુનિયામાં અંધકાર છવાયેલો હતો. દરેક બાજુ દુર્ગુણો ફેલાયેલા હતા. લોકો અંદર-અંદર ઝઘડતા હતા.ખરાબ કાર્યો કરતા હતા. અનાથો અને વિધવાઓને સતાવતા, નિર્બળોને તકલીફ દેતા, નાની બાળકીઓને જીવતી દાટી દેતા, સ્ત્રીઓને જીવતી બાળી મૂકતા. હુઝૂર સ.અ.વ.એ લોકોને ખરાબ કામોથી રોક્યા, ભલાઈના કાર્યો તરફ પ્રોત્સાહન આપ્યું, સારા માણસોની જેમ રહેતા શીખવાડ્યું, લોકોની ભલાઈને માટે દુઃખ ઉઠાવ્યા, મારપીટ સહન કરી, ઘરથી બેઘર થયા. હુઝૂર સ.અ.વ.એ હંસતે મોઢે બધું સહન કર્યું. પોતે પોતાનું કાર્ય કરતા હતા. અલ્લાહે આપ સ.અ.વ.ની મદદ કરી, દુર્ગુણો દૂર થયા. અત્યાચાર ઓછા થયા. લોકોએ અલ્લાહનો દીન સમજ્યો. સીધો અને સત્ય માર્ગ મેળવ્યો. આજે દુનિયામાં જેટલીય ભલાઈઓ અને નેકીઓ જોવા મળે છે તે બધી જ હુઝૂર સ.અ.વ.ની મહેનત અને દિક્ષાનું ફળ છે. આ બધા કાર્યો માટે હુઝૂર સ.અ.વ.એ કદી પણ કોઈનાથી કંઈ પણ બદલો ઈચ્છ્યો નથી, હુઝૂર સ.અ.વ. આ બધું ફક્ત અલ્લાહની ખુશીને માટે કરતા રહ્યા.

હુઝૂર સ.અ.વ.ના આ ઉપકારનો આપણે શું બદલો આપી શકીએ છીએ? એ જ ને કે હુઝૂર સ.અ.વ. અલ્લાહની તરફથી જે કંઈ લાવ્યા તેને અંતઃકરણથી માનીએ. હુઝૂર સ.અ.વ.ના જીવનને આપણા માટે નમૂનો બનાવીએ, હુઝૂર સ.અ.વ.ના આદેશોનું પાલન કરીએ. હુઝૂર સ.અ.વ.ના ખુશીના કાર્યો કરીએ, એવા કાર્યોથી દૂર રહીએ જે હુઝૂર સ.અ.વ.ને નાપસંદ હતા. એવા કામો કરીએ

જે હુઝૂર સ.અ.વ.ને પસંદ હતા. હુઝૂર સ.અ.વ.એ અલ્લાહને માટે દુઃખો વેઠ્યા અને સદ્ગુણો ફેલાવવામાં પોતાનું સંપૂર્ણ જીવન વિતાવી દીધું.

આવો, આપણે અલ્લાહનો દીન આખી દુનિયામાં ફેલાવીએ. લોકોને સદ્ગુણો માટે પ્રોત્સાહન આપીએ, ખરાબ વાતોથી રોકીએ અને આ બધા કાર્યો ફક્ત અલ્લાહની ખુશીને માટે જ કરીએ, બીજી કોઈ લાલચથી નહીં.

આપણે હુઝૂર સ.અ.વ. સાથે સૌથી વધુ પ્રેમ કરીએ. આદર સાથે હુઝૂર સ.અ.વ.નું નામ લઈએ. નામ આવતાં જ દુરૂદ અને સલામ મોકલીએ, ક્યાંય પણ હુઝૂર સ.અ.વ.નું નામ લખાયેલ હોય કે કોઈના મુખેથી હુઝૂર સ.અ.વ.નું નામ સાંભળીએ, પોતે લખી રહ્યા હોઈએ કે આપણા મુખે હુઝૂર સ.અ.વ.નું નામ બોલીએ ત્યારે સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ કહીએ, જે કાગળ, પુસ્તક કે વસ્તુ પર હુઝૂર સ.અ.વ.નું નામ લખેલું હોય તેને સંભાળપૂર્વક મૂકીએ. અહીં-તહીં ના મૂકી દઈએ. વહાલા નબી સ.અ.વ.ને ખુશ કરવાનું બસ આ જ કામ છે.

# નઅત

હેં સબકે ગમખાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
હેં સબકે સરદાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
બોલો સબ એક બાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ

દીનકી દોલત જિસસે પાઈ
જિસને સીધી રાહ દિખાઈ

કૌન હેં વહ સરદાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
હેં સબકે ગમખ્વાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
બોલો સબ એક બાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ

દુનિયા ગફલતમેં સોતી થી
પત્થરકી પૂજા હોતી થી

કિસને કિયા બેદાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
કૌન હેં વહ સરદાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
બોલો સબ એક બાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ

તોડી બાતિલકી ઝંજીરેં
બતલાઈ હકીકી તદબીરેં

હેં સચ્ચે સરદાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
હેં સબકે ગમખ્વાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
બોલો સબ એક બાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ

લોગોંકો ગમખ્વાર બનાયા
હમદર્દી કા શૌક દિલાયા
હેં સબકે ગમખ્વાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
હેં સબકે સરદાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
બોલો સબ એક બાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ

દીનકી ખાતિર પત્થર ખાએ
જગમેં રહમત બનકર આએ

| | |
|---|---|
| કૌન હેં વહ ગમખ્વાર | મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ |
| હેં સબકે સરદાર | મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ |
| બોલો સબ એક બાર | મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ |

# સલામ

સલામ ઉસ પર કે જિસને બે-કસોંકી દસ્તગીરી કી
સલામ ઉસ પર કે જિસને બાદશાહીમેં ફકીરી કી
સલામ ઉસ પર કે અસરારે મુહબ્બત જિસને સમઝાએ
સલામ ઉસ પર કે જિસને ઝખ્મ ખાકર ફૂલ બરસાએ
સલામ ઉસ પર વતન કે લોગ જિસકો તંગ કરતે થે
સલામ ઉસ પર કે ઘરવાલે ભી જિસસે જંગ કરતે થે
સલામ ઉસ પર કે જિસને ખૂંકે પ્યાસોંકો કબાએં દી
સલામ ઉસ પર કે જિસને ગાલિયાં ખાકર દુઆએં દી
સલામ ઉસ પર કે જિસકે ઘરમેં ચાંદી થી ન સોના થા
સલામ ઉસ પરકે ટૂટા બોરિયા જિસકા બિછોના થા
સલામ ઉસ પર જો સચ્ચાઈકી ખાતિર દુખ ઉઠાતા થા
સલામ ઉસ પર જો ભૂકા રેહકે ઔરોંકો ખિલાતા થા
સલામ ઉસ પર જો ઉમ્મતકે લિયે રાતોંકો રોતા થા
સલામ ઉસ પર જો ફર્શે ખાક પર જાડોંમેં સોતા થા
દુરૂદ ઉસ પર કે જિસકી બઝ્મમેં કિસ્મત નહીં સોતી
દુરૂદ ઉસ પર જિસકે ઝિક્રસે સૈરી નહીં હોતી
દુરૂદ ઉસ પર કે જિસકા તઝકિરા ઐન ઈબાદત હૈ
દુરૂદ ઉસ પર કે જિસકી ઝિંદગી રેહમત હી રેહમત હૈ

દુરૂદ ઉસ પર બહારે ગુલશને આલમ જિસે કહિયે
દુરૂદ ઉસ ઝાત પર ફખ્રે બની આદમ જિસે કહિયે
સલામ ઉસ પર કે જિસકી સાદગી દર્સે બસીરત હૈ
સલામ ઉસ પર કે જિસકી ઝાત ફખ્રે આદમિય્યત હૈ
સલામ ઉસ પર ફિઝા જિસને ઝમાનેકી બદલ ડાલી
સલામ ઉસ પર કે જિસકે કુફ્રકી કુવ્વત કુચલ ડાલી
સલામ ઉસ પર કે જિસને કુફ્રકો નીચા દિખાયા થા
સલામ ઉસ પર કે જિસને ઝિંદગીકા રાઝ સમઝાયા
સલામ ઉસ પર કે જિસને ઝોલિયાં ભરદી ફકીરોંકી
સલામ ઉસ પર કે મુશ્કેં ખોલ દીં જિસને અસીરોંકી

— માહિરુલ કાદરી.

★★★★★★★★